# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-08-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રક્ષાબંધન પર્વની ઉજવણી - 1

કચ્છ સહિત દેશભરમાં આજે ભાઈ-બહેનના પવિત્ર સ્નેહના પર્વ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રક્ષાબંધનના પર્વ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

કચ્છમાં સાંસદ વિનોદ ચાવડાએ રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ રાપર તાલુકાના લોદ્રાણી BSF પોસ્ટ કુડા 84 બટાલિયન વિસ્તારમાં સરહદનું રખોપું કરતા જવાનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. BSFના જવાનોના હાથે રક્ષાસૂત્ર બાંધી સરહદી વિસ્તારની બહેનોએ શુભેચ્છાઓ પાઠવી હતી. '0' પોઈન્ટ પર ફરજ બજાવતા દરેક જવાનોને મીઠાઇ અને સાલ અર્પણ કરવામાં આવી હતી. તેમજ BSFમાં ફરજ બજાવતી બહેનોએ સાંસદ સહિતના અગ્રણીઓને રાખડી બાંધી મોઢું મીઠું કરાવ્યું હતું. આ પ્રસંગે શ્રી ચાવડાએ જવાનોના શૌર્ય અને ખમીરને બિરદાવ્યાં હતાં.

બાઈટ ... વિનોદ ચાવડા

---------------------------------------------------------------------------------------

## રક્ષાબંધન પર્વની ઉજવણી - 2

કુદરતી આફતો વખતે કચ્છની રક્ષા માટે ગાંધીનગરથી આવેલ એનડીઆરએફની ટીમના જવાનોને સ્થાનીક બહેનોએ રાખડી બાંધી હતી. માધાપરના યક્ષ મંદિર ટ્રસ્ટના ઉપક્રમે આ વિશેષ ઉજવણી કરાઈ હતી.

દરમિયાન ભુજમાં મહિલા પોલીસ 'શી-ટીમ' દ્વારા વૃદ્ધોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. મહિલા પોલીસે હરિ શાંતિ નિકેતન વૃદ્ધાશ્રમ તેમજ દાદા-દાદી પાર્ક ખાતે વૃદ્ધોને રાખડી બાંધી હતી.

ભચાઉમાં પણ પોલીસની "શી ટીમ"ના કર્મચારીઓએ વરિષ્ઠ નાગરિકોને સાત્વના અને હુંફ મળી રહે તે હેતુથી મધર ટેરેસા આશ્રમ સહિતના વૃધ્ધાશ્રમોમાં જઈ રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

આ ઉપરાંત, મહિલા કોલેજ બિદડાની બહેનોએ BSF લકી નાલા, BSF વોટરવિંગ કોટેશ્વર, BSF જખૌ પોર્ટ તેમજ મરીન કમાન્ડોને રાખડી બાંધી હતી.

માધાપર નવચેતન અંધજન મંડળની દિવ્યાંગ બાળાઓ, મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજ ભુજની બહેનો, નારી શક્તિ મહિલા મંડળની બહેનોએ પણ લક્કી નાળા સીમા ચોકી પર જઇ રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

ભુજની પાલારા જેલમાં જુદા જુદા કેસમાં સજા ભોગવી રહેલા ૩૯૦ જેટલા કેદીઓને બહેનોએ રાખડી બાંધી હતી. પર્યાવરણની જાળવણીના સંદેશ સાથે બંદીવાન ભાઈઓએ બહેનોને વીર પસલીની ભેટ સ્વરૂપે છોડ આપ્યો હતો, જેને બહેનો પોતાના ઘરે રોપણ કરી ઉછેર કરી પર્યાવરણની રક્ષા કરે તેવી લાગણી વ્યકત કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

## વિશ્વ આદિવાસી દિવસ – ગાંધીધામ શોભાયાત્રા

આજે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ગાંધીધામમાં આદિવાસી ભીલ ગુજરાત સંગઠનની કચ્છ શાખાદ્વારા "એક તીર એક કમાન, આદિવાસી એક સમાન" ના નારા સાથે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના

લોકો જોડાયા હતા. પરંપરાગત વેશભૂષા તથા સાંસ્કૃતિક રંગોથી ગાંધીધામ શહેર ગુંજી ઉઠ્યું હતું.

---

## મામલતદારોની બદલી

રાજ્યના મહેસૂલ વિભાગે રાજ્યભરમાં 84 મામલતદારોની બદલી કરી છે, જ્યારે 45 નાયબ મામલતદારોની બઢતી આપીને મામલતદાર તરીકેની જવાબદારી સોંપી છે.

કચ્છમાં ભુજ શહેર, નખત્રાણા તેમજ લખપતને નવા મામલતદાર મળ્યા છે. ભુજ શહેરમાં મામલતદાર તરીકે તેજસ કુમાર પટેલને નિમણૂક અપાઈ છે. જયારે લખપતના મામલતદાર તરીકે નવીનચંદ્ર મારુ, અને નખત્રાણામાં રાકેશ પટેલને મુકાયા છે.

---

## હરઘર તિરંગા અભિયાન

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ૬ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી સ્વતંત્રતા સપ્તાહ ઉજવવામાં આવી રહ્યો છે. જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા આગામી ૧૨ મી ઓગષ્ટે સવારે ભુજમાં જ્યુબિલી ગ્રાઉન્ડથી બસ સ્ટેન્ડ, ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ થઈને હમીરસર તળાવ સુધી યોજાશે.

જીલ્લામાં તિરંગા યાત્રા સાથે જ શાળા કોલેજોમાં ક્વિઝ, વકતૃત્વ અને રાખી મેકિંગ સહિતની સ્પર્ધાઓનું આયોજન હાથ ધરાયું છે.

આ અભિયાનમાં નાગરિકો મહત્તમ સંખ્યામાં જોડાય તે રીતે જનભાગીદારી સુનિશ્ચિત કરવા કચ્છમાં સ્થિત વિવિધ લશ્કરી પાંખોના યુનિટ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓને આયોજનમાં જોડવામાં આવી છે. આ વખતે હર ઘર તિરંગા અભિયાનની થીમ સ્વચ્છતા સાથે સંકળાયેલી હોવાથી ગામડાઓ અને શહેરોના રસ્તાઓની સફાઈનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

---

## શસ્ત્ર પ્રદર્શન

વિવિધ પ્રકારના શસ્ત્રો વિશે વિદ્યાર્થીઓ માહિતગાર થાય તે માટે લાકડિયા પોલીસ અને ગાંધીધામ પોલીસ હેડકવાટર દ્વારા ભચાઉ તાલુકાના જુના કટારિયા ગામે શસ્ત્ર પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ૧૮થી વધુ શસ્ત્રો અંગે માહિતી મેળવી હતી.

---